**-: અગત્યનું :-**

ક્રમાંક:- મુ.ઈ./(યાંત્રિક/૧૦૯૦/પરિપત્ર/ ૯૮૭૩/
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
ઘ-૫, સેક્ટર નં.૧૬, ગાંધીનગર.
તા.૧૨:૧૦:૧૯૯૦.

**પ રિ પ ત્ર :-**

વિષય : ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હેઠળના વાહનોના ઉપયોગ અને તેમાં ભરાતા પેટ્રોલ/ડીઝલ બાબતે....

સંદર્ભ : બોર્ડ કચેરીના પરિપત્ર ક્રમાંક:એમકેએમ-૩/૧૮૯/સી.ઈ.(મીકે)૧૪૯૧, તા.૧૩/૭/'૮૯

ઉપરોક્ત વિષય અન્વયે બોર્ડ હેઠળની તમામ કચેરીના ઈન્સ્પેક્શન વાહનોમાં જ્યારે પેટ્રોલ/ડીઝલ ભરાવવામાં આવે ત્યારે તે ઈન્ચાર્જ ઓફીસરની હાજરીમાં ભરાવવાનું રહેશે અને તેમની હાજરીમાં પેટ્રોલ/ડીઝલ ભર્યું છે, તેવું પ્રમાણપત્ર તેમના દ્વારા આપવાનું રહેશે અને લોગબુકમાં પેટ્રોલ/ડીઝલ ભરાવ્યાની એન્ટ્રીની ચકાસણી કર્યા બાદ જ બીલ મંજુર કરવાનું રહેશે.

૨. દરેક અધિકારીએ તેમના વાહનની જે તે માસની લોગબુક સંપૂર્ણ રીતે ભરાઈ છે તેમજ માસ દરમ્યાન તેમના વાહન________ કિ.મી. ચાલેલ છે અને એવરેજ______ કિ.મી. પ્રતિલીટર છે તે બાબતનું અને પેરા-૧ મુજબનું પ્રમાણપત્ર વડી કચેરીમાં મુખ્ય ઈજનેરશ્રી (મીકે.) ને દરેક મહીનાની ૧૦મી તારીખ સુધીમાં મળી જાય તે રીતે તેમના અધીક્ષક ઈજનેરશ્રી મારફત મોકલવાનું રહેશે.

૩. ઉપરોક્ત સૂચનાઓનો સર્વે અધિકારીઓએ ચૂસ્તરીતે અમલ કરવાનો રહેશે અને અમલ નહીં કરનાર અધિકારી ઉપર શિસ્તભંગના પગલાં ભરવામાં આવશે.

૪. ઉપરોક્ત સૂચન અને તેનું અમલીકરણ ચૂસ્તરીતે થાય તે જોવા મા.-અધ્યક્ષશ્રીએ સૂચના આપેલ છે.

12.10.90.
( બી.એમ.ચેતવાણી )
મુખ્ય ઈજનેર (યાંત્રિક)

પાછળ...

નં: મુ.ઈ. યાં/૧૯૦/વાહન/પેટ્રોલ-ડીઝલ/2969

તારીખ.- ૨૦/૧૨/૯૦

પ્રતિ,
મુખ્ય ઈજનેરશ્રી
ઝોન-૧, ૨, ૩,
વડોદરા/ ગાંધીનગર/રાજકોટ

વિષય :- ગુ. પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ હેઠળના વાહનોના ઉપયોગ અને તેમાં ભરાતા પેટ્રોલ /ડીઝલ બાબત..

સંદર્ભ :- બોર્ડના પરિપત્રક્રમાંક: મુ.ઈ. યાં/૧૯૯૦/પરિપત્ર/૧૮૪૩ તા.૧૨-૧૦-૯૦.

........

ઉપરોક્ત વિષયે સંદર્ભમાં જણાવેલ પત્રથી સર્વે અધિકારીઓને માન. અધ્યક્ષશ્રીની સુચનાથી તેમના માસ દરમ્યાન વાહનના કી.મી. એવરેજ કી.મી/લીટર તથા જે તે વાહનના ઈન્ચાર્જ ઓફીસરની હાજરીમાં પેટ્રોલ/ડીઝલ ભર્યું છે તે બાબતનું પ્રમાણપત્ર વિગેરે મુખ્ય ઈજનેર (યાં) ને દર મહિનાની ૧૦ મી તારીખ સુધીના તેમના અધિક્ષક ઈજનેરશ્રી મારફત મોકલવાની હતી તેમ છતાં આજદીનસુધી આ અંગેની માહીતી તથા પ્રમાણપત્ર આવેલ નથી તો આ પત્રથી યાદી પાઠવવામાં આવે છે કે સંદર્ભીત પત્રમાં જણાવ્યા પ્રમાણે દરમહીનાની ૧૦ મી તારીખ સુધીમાં માહીતી નિયમિત બોર્ડ કચેરીને મળી જાય તે પ્રમાણે ઝોનલ કક્ષાએ સંકલન કરી મોકલી આપવાની રહેશે.

ઉપરોક્ત બાબતની મા. અધ્યક્ષશ્રી એ તાકીદ કરેલ છે.

(બી.એમ. યતવાની)
મુખ્ય ઈજનેર: યાં.

નકલ જયભારત સહ રવાના પ્રતિશ્રી

- અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર ને જાણ સારું
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય.બોર્ડ, ગાંધીનગર
- મુખ્ય ઈજનેરશ્રી મોનીટરીંગ અને પ્લાનીંગ બોર્ડ કચેરી ગાંધીનગર ને જાણ તથા અમલ થવા સારું
- નિયામકશ્રી, જલસેવા તાલીમ સંસ્થા, ગાંધીનગર ને જાણ તથા અમલથવા સારું.
- નાણાંનિયત્રકશ્રી, બોર્ડ કચેરી, ગાંધીનગર ને જાણ તથા અમલથવા સારું
- સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓને જાણ તથા અમલ થવા સારું.
- સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓને જાણ તથા અમલ થવા સારું.
- સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ જાણ તથા અમલ થવા સારું.